–: પ્રેસનોટ :–

અમદાવાદ શહેરમાં ભારત સરકારના બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું બાંધકામ સાબરમતી થી વટવા સુધીનું પાયલોટીંગનું કામ તથા સેગમેન્ટ લગાવવાનું કામ દિનેશચંદ્ર આર.અગ્રવાલ ઇન્ફ્રાકોન પ્રા.લી.,કંપની દ્વારા કરવામાં આવી રહેલ છે. આ કામકાજ અંતર્ગત કેડીલા બ્રિજની ઉપરના ભાગે પીલ્લરો ઉપર સેગમેન્ટ લગાવવાની કામગીરી કરવામાં આવનાર છે. આ કામગીરી તા.૬/૪/૨૦૨૫ થી ચાલુમાં છે. પરંતુ કેડીલાબ્રીજ ઉપર ટેકનીકલ કારણોસર તથા રેલ્વેના શીડ્યુલને કારણે સદર કામગીરી સમય–મર્યાદામાં પુર્ણ થઇ શકેલ નથી. જેથી આ કામગીરી વધુ **તા.૧૫/૧૧/૨૦૨૫ સુધી ફક્ત રાત્રીના સમયગાળા દરમિયાન** કરવામાં આવનાર છે.

સદરહું કામકાજ દરમિયાન નીચે મુજબની વિગતે ટ્રાફિક ડાયવર્ઝન કરવામાં આવનાર છે.

અ.નં.	**વાહનોની અવર–જવર માટે પ્રતિબંધિત માર્ગ**	**વૈકલ્પિક માર્ગ**
૧.	કેડીલા બ્રીજ ઉપર આવેલ ત્રણ રસ્તા પૈકી મધ્ય ભાગમાં આવેલા BRTS રોડ ઉપયુક્ત સમયગાળા માટે બંને છેડાથી આશરે ૬૦૦ મીટર જેટલો બંધ રહેનાર છે.	**૧.** કેડીલા બ્રીજ ઉપરથી અવર–જવર માટે થતી BRTS બસ દિવસ દરમિયાન બાજુમાં આપેલા બંને રોડનો ઉપયોગ કરી શકશે. **૨.** સદર કેડીલા બ્રીજ ઉપર રાત્રી દરમિયાન અવર–જવર કરતાં વાહનો બંને બાજુ આવેલા રોડનો વારાફરતી ઉપયોગ કરી શકશે. એટલે કે જે સાઈડનું કામ ચાલુ રહેશે તેની બાજુના રોડ ઉપર વાહન અવર–જવર કરશે.

જે અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

તા.૪/૧૦/૨૦૨૫

(એન.એન.ચૌધરી)
સંયુક્ત પોલીસ કમિશનર
ટ્રાફિક,અમદાવાદ શહેર